પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
આરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૬ | ૫ ઓક્ટોબર, ૨૦૧૮, શુક્રવાર; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ઉદ્ધવ ઠાકરે અયોધ્યા જશે

શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે દશેરા પછી ઉત્તરપ્રદેશ જશે. પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય રાઉતે માહિતી આપતા જણાવ્યુ છે કે રામ જન્મભૂમિન્યાસના પ્રમુખ જન્મેજય શરણજી મહારાજે ઠાકરેને અયોધ્યા આવવાનું આમંત્રણ પાઠવ્યું છે.

રાજસ્થાનમાં ફરી અનામત આંદોલનનો મુદ્દો ઉછળ્યો

રાજસ્થાન વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે. ચૂંટણીને હવે માત્ર બે માસનો સમય બાકી રહ્યો છે ત્યારે અહીં ફરીથી જાટ આંદોલનનો મુદ્દો ઉછળ્યો છે. રાજયના જાટ નેતાઓએ આંદોલનની ધમકી આપી છે.

શેરબજાર કડડભુસ : રૂપિયો પુનઃ ગગડ્યો

સેંસેક્સમાં ૮૦૬ પોઇન્ટનો વિક્રમી ઘટાડો : અંધાધૂંધી વચ્ચે નિફ્ટીના ૩૯ શેર પૈકી માત્ર ૧૧માં તેજી રહી : શેરબજારમાં કોહરામની સ્થિતીની વચ્ચે સેંસેક્સના ૩૧ શેર પૈકી ૨૫ શેરોમાં મંદીનુ મોજુ : છેલ્લા બે દિવસમાં સેંસેક્સમાં ૧૩૫૭ પોઇન્ટનો ઘટાડો થયો



મુંબઈ,તા. ૪

શેરબજાર આજે સતત બીજા દિવસે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. દલાલ સ્ટ્રીટ જુદા જુદા પરિબળોના કારણે હચમચી ઉઠતા કોર્પોરેટ જગતમાં પણ તેની ચર્ચા જોવા મળી હતી. આજે કારોબારની શરૂઆત થયા બાદથી સેંસેક્સ ૮૦૬ પોઇન્ટનો રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. જેથી તેની સપાટી ૩૫૧૬૯ રહી હી. નિફ્ટી ૨૫૯ પોઇન્ટ ઘટીને ૧૦૫૯૯ની નીચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં છેલ્લા બે દિવસના ગાળામાં ૧૩૫૭ પોઇન્ટનો ઉલ્લેખનીય ઘટાડો થઇ ચુક્યો છે. જ્યારે નિફ્ટીમાં છેલ્લા બે દિવસના ગાળામાં જ ૪૦૯ પોઇન્ટનો મોટો ઘટાડો થઇ ચુક્યો છે. બજારમાં કોહરામની અસરનો અંદાજ એ બાબતથી લગાવી શકાય છે કે સેંસેક્સના ૩૧ શેર પૈકી છ શેર જ તેજીમાં રહ્યા હતા. બાકીના ૨૫ શેર નબળાઇમાં રહ્યા હતા. બીજી બાજુ નિફ્ટી પર પણ ૩૯ શેરમાં ઘટાડો રહ્યો હતો. જ્યારે ૧૧ શેરમાં તેજી રહી હતી. નાણાં પ્રધાન અરૂણ જેટલી દ્વારા પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં ૨.૫૦ રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો જાહેર કરતા તેની અસર બજારમાં જોવા મળી હતી. નિફ્ટી પર હિન્દુસ્તાન પેટ્રોલિયમની કિંમતમાં ૨૨.૪૪ ટકાનો ઘટાડો થયો હતો. બીપીસીએલના શેરમાં ૧૮.૮૮ ટકા, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના શેરમાં ૧૮.૨૪ ટકાનો ઘટાડો થયો હતો. આવી જ રીતે ઓએનજીસીના શેરમાં ૯.૯૮ ટકા અને રિલાયન્સના શેરમાં ૮.૦૨ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. સેંસેક્સના જે શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો તેમાં રિલાયન્સમાં ૭.૦૩ ટકા, ટીસીએસના શેરમાં ૪.૫૪ ટકાનો ઘટાડો થયો હતો. આજે કારોબારની શરૂઆત થયા બાદથી તરત જ અફડાતફડી જોવા મળી હતી. કારોબારની શરૂઆત થયા બાદ મિનિટોના ગાળામાં જ સેંસેક્સમાં ૬૦૦ પોઇન્ટનો ઘટાડો થયો હતો. બજાર સાથે જોડાયેલા નિષ્ણાંતો માની રહ્યા છે કે આવતીકાલે આરબીઆઇની પોલીસી સમીક્ષાના બેઠકના પરિણામ આવ્યા બાદ દલાલ સ્ટ્રીટની દિશા નક્કી થશે.શેરબજાર આજે સતત બીજા દિવસે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા.

કેન્દ્ર સરકારે એક્સાઈઝમાં ૨.૫૦ રૂપિયાનો ઘટાડો કર્યો

નવીદિલ્હી,,તા. ૪

પેટ્રોલ ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૨.૫૦ રૂપિયાનો ઘટાડો કરવાની નાણામંત્રી અરુણ જેટલીએ જાહેરાત કર્યા બાદ તરત જ ભાજપ શાસિત રાજ્યોમાં પેટ્રોલ ડીઝલની કિંમતમાં તેમના દ્વારા પણ ઘટાડાની શરૂઆત કરી દેવામાં આવી હતી. નાણામંત્રી અરુણ જેટલીએ રાજ્ય સરકારોને પણ પેટ્રોલ ડીઝલની કિંમતમાં ઘટાડો કરવા માટે કહ્યું હતું. નાણામંત્રીએ રાજ્યોને પણ આટલી જ કિંમતમાં ઘટાડો કરવા અપીલ કર્યા બાદ ભાજપ શાસિત રાજ્યોમાં તાત્કાલિક ઘટાડાનો દોર શરૂ થયો હતો. સામાન્ય લોકોને તીવ્ર મોંઘવારી વચ્ચે પાંચ રૂપિયાની રાહ મળે તે હેતુસર આ અપીલ કરવામાં આવી હતી. નાણામંત્રીએ કાપ મુક્યા બાદ એક્સાઇઝ રેવન્યુમાં આ વર્ષે ૧૦૫૦૦ કરોડ રૂપિયાની અસર પડશે. ઓઇલ માર્કેટિંગ કંપનીઓ

● અનુસંધાન પાન-૭ પર

પેટ્રોલ-ડીઝલમાં પાંચ રૂપિયા ઘટાડાયા

કેન્દ્ર અને રાજ્યની રાહત બંને મળીને પાંચનો ઘટાડો : કેન્દ્રની અપીલ બાદ ગુજરાતે તરત જ વધુ ૨.૫૦નો ઘટાડો પેટ્રોલ-ડીઝલ પર કર્યો

અમદાવાદ, તા. ૪

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો કરવાની નાણામંત્રી અરુણ જેટલીએ જાહેરાત કર્યા બાદ અને રાજ્યોને આટલો જ ઘટાડો કરવા માટે અપીલ કર્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૌથી પહેલા અપીલને માનીને ભાવમાં ૨.૫૦ રૂપિયા ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આની સાથે જ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં પાંચ રૂપિયા જેવો માતબર ઘટાડો થઇ ગયો છે. લોકસભાની ચૂંટણી પહેલા લોકોમાં વધી રહેલા રોષ વચ્ચે આ ભાવ ઘટાડો કર્યો છે. સપ્ટેમ્બર મહિનામાં કોંગ્રેસ પાર્ટીએ ભારત બંધની જાહેરાત પણ કરી હતી. મુખ્યમંત્રીએ ટ્વિટ કરીને કહ્યું હતું કે, લોકોને રાહત આપવામાં આવી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર ખુબ જ જટિલ સ્થિતિ હોવા છતાં ભાવમાં ઘટાડો કરીને ખુબ જ સાહસી નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુશ્કેલ સ્થિતિ હોવા છતાં કરોડો નાગરિકો, વાહનચાલકો, ટ્રાન્સપોર્ટરો અને ખેડૂતોને રાહત આપવા ઘટાડો કર્યો છે. નીતિન પટેલે વધુ માહિતી આપતા કહ્યું હતું કે, ગુજરાત સરકારે પણ રાજ્યના નાગરિકોને વધુ રાહત આપવા લીટરે રૂપિયા ૨.૫૦ અને ડીઝલમાં ૨.૫૦નો ઘટાડો કર્યો છે. આની સાથે જ ભારત સરકાર અને રાજ્ય સરકાર બંનેની રાહત મળીને ગુજરાતમાં પેટ્રોલની

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ક્યાં કેટલો ભાવ

પેટ્રોલના ભાવ

શહેર	ભાવ (લીટરમાં)
અમદાવાદ	૭૭.૯૭
વડોદરા	૭૮.૦૨
સુરત	૭૮.૫૪
રાજકોટ	૭૭.૯૬

ડિઝલના ભાવ

અમદાવાદ	૭૫.૯૫
વડોદરા	૭૫.૯૧
સુરત	૭૬.૪૪
રાજકોટ	૭૫.૮૬

નોંધ : તમામ નવા ભાવ આજે પાંચ રૂપિયા સુધીના ઘટાડા પછીના છે

મહાગઠબંધન માટે કોંગ્રેસ હમણા ઉત્સાહિત નથી

ત્રણ રાજ્યોના પરિણામ બાદ જ નવી પહેલ થશે : બસપ બાદ એનસીપીની પેંતરાબાજીથી પણ કોંગ્રેસ પાર્ટી પરેશાન : વિપક્ષી પાર્ટીઓને એક કરવાના પ્રયાસો નિષ્ફળ

નવી દિલ્હી,તા. ૪

લોકસભાની ચૂંટણી પહેલા ક્ષેત્રીય પક્ષોને સંગઠિત કરવા અને એક કરવાના કોંગ્રેસના પ્રયાસોને હવે સફળતા મળી રહી નથી. કારણ કે ક્ષેત્રીય પક્ષો પોત પોતાની મહત્વકાંક્ષાને પણ છોડવા માટે તૈયાર દેખાઇ રહ્યા નથી. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી પણ ઉદાર મન સાથે આગળ વધવાના સંકેત આપી રહી નથી. આવી સ્થિતીમાં કોંગ્રેસને લોકસભાની ચૂંટણી પહેલા જ પીછેહટનો સામનો કરવો પડી રહ્યો છે. લોકસભા ચૂંટણી પહેલા જ મહાગઠબંધન બનાવીને ભાજપને હચમચાવી મુકવા માટે નિકળેલી કોંગ્રેસ પાર્ટીનો ઉત્સાહ હવે ઠંડો પડી ગયો છે. જુદા જુદા રાજ્યોમાં ક્ષેત્રીય પક્ષોના ટોપ નેતાઓની પેંતરાબાજીથી કોંગ્રેસનો ઉત્સાહ ઠંડો પડી ગયો છે. હવે મળી રહેલી માહિતી મનુજબ ત્રણ રાજ્યો રાજસ્થના, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ બાદ નવેસરથી મહાગઠબંધનના પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે. કોંગ્રેસ પાર્ટીએ વિપક્ષી એકતા કઇ રીતે થાય તે માટે જુદા જુદા રસ્તા શોધી રહી છે પરંતુ ક્ષેત્રીય પક્ષો કેટલાક મુદ્દા પર જિદ્દી વલણ ધરાવે છે. કોંગ્રેસ પાર્ટી પણ સારી રીતે જાણે છે કે કેન્દ્રમાં રહેલી સરકાર વિપક્ષી એકતાના પરિણામને સારી રીતે જાણે છે. જેથી આ એકતા સ્થાપિત ન થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા પણ પોતાની રીતે અંદરખાને પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પાર્ટી સુત્રોએ કહ્યુ છે કે એમ તો કોંગ્રેસ પહેલાથી જ બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતી પર વિશ્વાસ કરતી ન હતી. પરંતુ મધ્યપ્રદેશ અને રાજસ્થનામાં ગઠબંધન ન કરવાની માયાવતીએ જાહેરાત કરીને પાર્ટીના નેતાઓને ચોંકાવી દીધા છે. જો કે કર્ણાટકમાં કોંગ્રેસ પાર્ટીએ ખુબ ઉદારતા દર્શાવી હતી. મોટી પાર્ટી હોવા છતાં જેડીએસની સાથે ગઠબંધન કરીને જેડીએસની સરકાર બનવામાં મદદ કરી હતી. જેડીએસના નેતા કુમારસ્વામીને મુખ્યપ્રધાન બનવાની તક આપી હતી. જેથી શરૂઆતમાં માયાવતી પણ આશાવાદી દેખાયા હતા.

ઉદ્યોગપતિ મુકેશ અંબાણી ફોર્બ્સની યાદીમાં સૌથી અમીર ભારતીય

૪૭.૩ અબજ ડોલર સાથે સૌથી અમીર : સતત ૧૧માં વર્ષે મુકેશ અંબાણી પ્રથમ ક્રમાંકે : વિપ્રોના અજીમ પ્રેમજી ૨૧ અબજ ડોલરની સંપત્તિ સાથે બીજા ક્રમે

નવીદિલ્હી,તા. ૪

ફોર્બ્સ મેગેઝિન દ્વારા સૌથી અમીર ભારતીય લોકોની યાદી જાહેર કરી દીધી છે. સૌથી અમીર

ભારતીયોની યાદીમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણી સતત ૧૧માં વર્ષે પ્રથમ નંબરે રહ્યા છે. ૪૭.૩ અબજ ડોલર અથવા તો ૩૪૮૯૫૬ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે તેઓ પ્રથમ સ્થાન ઉપર છે. એક વર્ષમાં સૌથી વધારે સંપત્તિ ઉમેરવાના મામલામાં પણ મુકેશ અંબાણી પ્રથમ સ્થાન ઉપર રહ્યા છે. રિલાયન્સ જીઓ અને બ્રોડબેન્ડની સફળતા વચ્ચે મુકેશ અંબાણીએ એક વર્ષમાં પોતાની સંપત્તિમાં ૯.૩ અબજ ડોલર એટલે કે, ૬૮૬૧૦ કરોડ રૂપિયાનો વધારો કરી દીધો છે. ફોર્બ્સ ઇન્ડિયા રિચ લિસ્ટ ૨૦૧૮ મુજબ વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજી સૌથી અમીર ભારતીયોની યાદીમાં બીજા સ્થાને છે. એક વર્ષમાં તેમની સંપત્તિ બે અબજ ડોલર એટલે કે ૧૪૭૫૫ કરોડ રૂપિયા વધી ગઈ છે. આની સાથે જ તેમની સંપત્તિ ૨૧ અબજ ડોલર અથવા તો ૧૫૪૯૨૭ કરોડ રૂપિયા થઈ ગઇ છે. સૌથી અમીર ભારતીયોની યાદીમાં ૧૮.૩ અબજ ડોલરની સંપત્તિ સાથે આર્સેલર મિત્તલના ચેરમેન લક્ષ્મી મિત્તલ ત્રીજા સ્થાને રહ્યા છે.

આઈસીઆઈસીઆઈના એમડી પદેથી ચંદા કોચરનું રાજીનામુ

સંદીપ બક્ષી નવા મેનેજિંગ ડિરેક્ટર બનાવાયા : સંદીપ બક્ષીની અવધિ ૫ વર્ષની રહેશે અને તેમની અવધિ ત્રીજી ઓક્ટોબર ૨૦૨૩ના દિવસે પરિપૂર્ણ થશે

નવી દિલ્હી, તા. ૪

આઈસીઆઈસીઆઈ બેંકના મેનેજિંગ ડિરેક્ટર ચંદા કોચરે તાત્કાલિક પ્રભાવથી અમલી બને તે રીતે પોતાનું રાજીનામુ આપી દીધું છે. તેમની જગ્યાએ સંદીપ બક્ષી જવાબદારી લેવા જઈ રહ્યા છે. એમડી પદેથી રાજીનામુ આપવામાં આવ્યા બાદ કોર્પોરેટ જગતમાં આને લઈને આજે ચર્ચા જોવા મળી હતી. બેંકના બોર્ડ દ્વારા સમય પહેલા પદ છોડી દેવાની તેમની માંગને સ્વીકાર કરવામાં આવ્યા બાદ તેમની જગ્યાએ સંદિપ બક્ષીને મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર બનાવી દીધા છે. બક્ષીની અવધિ પાંચ વર્ષની રહેશે. ત્રીજી ઓક્ટોબર ૨૦૨૩ના દિવસે તેમની અવધિ પુરી થશે. આઈસીઆઈસીઆઈ બેંકના પ્રમુખ ચંદા કોચર અને તેમના પરિવાર ઉપર મુકવામાં આવેલા અનિયમિતતાના આરોપ બાદ અનેક તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. બેંકે રેગ્યુલેટરી ફાઈલિંગમાં કહ્યું છે કે, કોચરની સામે તપાસ ચાલી રહી છે જેના ઉપર કોઇપણ પ્રકારની અસર થશે નહીં. હિતોના સંઘર્ષ અને ફાયદાના બદલે લાભ પહોંચાડવાના મામલામાં સ્વતંત્ર તપાસ કરવામાં આવી રહી છે.

કેરળમાં ભારે વરસાદની આગાહી

તિરુવનંતપુરમ્,તા.૪

કેરળ રળ હજુ તાજેતરમાં આવેલા પૂરમાંથી બહાર આવ્યું નથી ત્યાં હવામાન વિભાગે ફરીથી ભારે વરસાદની આગાહી આપી છે. જેને કારણે અમુક વિસ્તારમાં રેડ એલર્ટ અપાયું છે. હવામાન વિભાગે ૪થી ૭ ઓક્ટોબર સુધી ભારે વરસાદ સાથે ચક્રવાતી તૂફાન આવવાની સંભાવના જાહેર કરી છે. ત્યાંજ તમિલનાડુના હવામાન વિભાગે પણ ૭ ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહી જાહેર કરી છે. જેને કારણે સરકારે તમામ જિલ્લાઓને સાવધાન રહેવાનો આદેશ આપ્યો છે. હવામાન વિભાગે અરબ સાગરમાં ૬થી ૮ ઓક્ટોબરની વચ્ચે લો-પ્રેશર સીચ્યુએશનની આગાહી આપી છે. પ્રાપ્ત માહિતી મુજબ લો-પ્રેશરને કારણે અરબ સમુદ્રના દક્ષિણ-પૂર્વી ભાગમાં તૂફાન અથવા ચક્રવાત આવવાની વકી છે.

આજે પુતિન-મોદી વચ્ચે મંત્રણા

એસ-૪૦૦ મિસાઇલ ડીલ અંગે આજે ફેંસલો થઇ શકે : મહાકાય સમજુતી થવાની શક્યતા

નવી દિલ્હી,તા. ૪

રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટિન આજે મોડી સાંજે બે દિવસના પ્રવાસે ભારત આવી પહોંચ્યા હતા. ભારત આવ્યા બાદ તેમની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આવતીકાલે યોજાનારી શિખર બેઠક પર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. આવતીકાલે યોજાનારી આ બેઠકમાં એસ-૪૦૦ મિસાઇલ ડીલના સંબંધમાં નિર્ણય કરવામાં આવી શકે છે. આવતીકાલે જ અમેરિકાને પણ આ ડીલના સંબંધમાં જવાબ મળી જશે. ભારત અને રશિયા વચ્ચેના સંબંધ પરસ્પર વિશ્વાસ પર આધારિત રહ્યા છે. તેમની વચ્ચેના સંબંધ વર્ષોથી તમામ પ્રકારની સ્થિતીમાં ખુબ મજબુત રહ્યા છે. અમેરિકાએ ચેતવણી આપતા કહ્યુ છે કે ભારત દ્વારા જે એસ-૪૦૦ મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે તૈયાર છે તે અમેરિકાની પ્રતિબંધાત્મક હદમાં આવે છે. જો કે આ અમેરિકાની ધમકી તરફ બંને દેશો ધ્યાન આપે તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. બંને નેતાઓ વચ્ચેની વાતચીતમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત કરવાના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવી શકે છે. સંરક્ષણ જાણકાર લોકોનુ કહેવુ છે કે અમેરિકા ઇચ્છે છે કે ભારત રશિયા સાથે આ સમજુતી ન કરે પરંતુ ભારત સમજુતી માટે તૈયાર છે. ભારત દ્વારા કઇ દિશામાં પહેલ કરવામાં આવે છે તેના પર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. રશિયાના પ્રમુખ પુટિન આજે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. આવતીકાલે તેઓ જુદા જુદા કાર્યક્રમમાં વ્યસ્ત રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શ્રી ન્યુ દુર્ગા જ્યોતિષ સેન્ટર
(રજી.નં. Guj/AMD/ 40600)
અમદાવાદમાં જુના અને જાણીતા, જ્યોતિષ સમ્રાટ, ગોલ્ડ મેડાલીસ્ટ, કામરૂદેશના ગુઢ વિદ્યાના જાણકાર (સ્પે.)
A to Z સમસ્યાનો ઝડપી નિકાલ ગ્રુપ ધનના ખાસ જાણકાર.
ભારતના સુપ્રસિદ્ધિ રાજ જ્યોતિષી પંડિત પ્રહલાદભાઈ જોષી (જ્યોતિષ અને તાંત્રિક કામાખ્યા ઉપાસક)
વિદ્યા,નોકરી,ધંધો, સગાઈમાં વિલંબ,લગ્નયોગ, સ્ત્રીપુરૂષના અણબનાવ,ગૃહકલેશ, સંતાનયોગ, પ્રેમમાં ઠગો, રૂઠે કો મનાના, પ્રેમભંગ, ફરી પ્રેમ, શારીરીક, માનસિક, આર્થીક,ફસાયેલાનાણા, કોઈ નું કરેલું,સૌતન મુક્તિ,સાસુ,પતી અને પ્રેમીનો ત્રાસ,પ્રમોશન યોગ,વિદેશ યોગ,શત્રુનાશ મકાન યોગ, ભુમિનડતર, કોઈપણ મુંઝવતા પ્રશ્નોના માર્ગદર્શન અને ઝડપી નિકાલ માટે મળો.
Website : www.shrinewdurgajyotish.com એક વખત અમારી મુલાકાત લેવાનું ભુલશો નહી.
નવાતાંત્રિકો જ્યોતિષો, ભાડાના મકાનવાળા, હોટલોમાં જાહેરાત વાળા, વગર એડ્રસવાળી જાહેરાતવાળાથી ખાસ સાવધાન
YouTube Best Jyotish and Tantrik
ભુમિનડતર અને ગ્રુપ ધનના સ્પેશ્યાલિસ્ટ | અઘુરા મુકાયેલા કામ પુરા કરી આપવામાં આવશે.
વધુ માહિતી માટે android app - shreenewdurgajyotish સમય દરરોજ : ૧૦ થી ૮ જોવાની ફી રૂ.101/-
બી ૧૦૨, સુકન-૪, પરીશ્રમ ટાવરની સામે, અંકુર ચાર રસ્તા,નારણપુરા, અમદાવાદ-૧૩.
M : 9374567515,9427620602 મોબાઈલથી એપોઈન્ટમેન્ટ લઈને મળો

સ્પે.દિવાળી ડીસ્કાઉન્ટ Air પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટીકીટ,સ્ટાર હોટલ,બ્રેક ફાસ્ટ-ડીનર
કોડાઈકેનાલ ઉટી-કુર્ગ-મૈસુર By Air 32500
મદ્રાસ-તિરૂપતી રામેશ્વરમ્-મદુરાઈ By Air 36500
રામેશ્વરમ કન્યાકુમારી-મદુરાઈ By Air 34500
કેરાલા મુન્નાર-થેકડી-ક.કુમારી By Air 32500
સિમલા મનાલી-ચંદીગઢ By Air 24500
નૈનિતાલ કોર્બેટ-હરિદ્વાર-મસુરી By Air 29500
શિવ ટ્રાવેલ્સ સી.જી.રોડ અમદાવાદ 93746 31852 76006 55134

ગાંધી જયંતિ ઉત્સવ
વિશેષ વળતર
૨જી ઓક્ટોબર થી ૩૧ માર્ચ-૨૦૧૯
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ સંચાલિત
ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ વસ્ત્રાગાર તથા ખાદી સરિતા
ગુજરાત કોલેજ પ્લેગ્રાઉન્ડ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૯, ફોન : ૨૬૪૨૩૮૨-૨૬૫૬૩૫૪૨, ખાદી સરિતા ફોન : ૨૬૫૬૦૦૯
▸ ખાદી ગ્રામોદ્યોગ ભવન : 'નવદીપ' આકાશવાળી સામે, ફોન : ૨૭૫૪૦૫૮૪
▸ ખાદી ગ્રામોદ્યોગ ભવન : સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન : ૨૩૨૨૨૩૩૩
▸ ખાદી ગ્રામોદ્યોગ ભવન : કિર્તીસ્થંભ પાસે, પાલનપુર. ફોન : ૦૨૭૪૨-૨૫૪૦૫૭
ગૃહલક્ષ્મી 'નવદીપ' આકાશવાળી સામે, ફોન : ૨૭૫૪૦૫૮૪
ગૃહ વસ્તુ ભંડાર સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૩૩૩
રસોઈ માધ્યમની તમામ ગૃહ ઉપયોગી શુદ્ધ વસ્તુઓ માટે
ખાદીમાં ડેનીમ જીન્સ આધુનીક રેડીમેઈડ ગારમેન્ટ
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સંચાલિત તમામ ભવન-ભંડારો દિવાળી સુધી સવારે ૧૦ થી રાત્રીનાં ૮-૩૦ સુધી ખુલ્લા રહેશે.
તા.7,21,ઓક્ટો. અને 4 નવે. રવિવારનાં સૌ.ર.સમિતિનાં તમામ કેન્દ્રો ચાલુ રહેશે.
ગુજરાતની સુતી-ઉની-રેશમ ખાદી ઉપર 25% સુધી વળતર
પરપ્રાંત ખાદી ઉપર 10%
સૌરસ સાબુ (ISO સર્ટીફાઈડ) ન્હાવા તથા ધોવામાં ઉપયોગી • શુધ્ધતામાં સર્વશ્રેષ્ઠ • ચરબી રહિત (વ્યાપારીક પુરવઠા આવકાર્ય) 079-25834770
વોશીંગ મશીન માટે પાવડર તથા લીકવીડ શોપ
હલ્દી-ચંદન, ગુલાબ અને એલોવીરાનાં ૧૦૦ ગ્રામમાં સાદા અને ગ્લીસરીનનાં ન્હાવાના સાબુ.
• શુર્ટીંગ-શર્ટીંગ • સાડી • ડ્રેસ મટીરીયલ્સ • રેડીમેઈડ કપડા • નેપકીન • ચાદર • આસન • શેત્રંજી • છીંટ • ટ્રેપેસ્ટ્રી
તમામ પ્રોડક્ટ વ્યાજબી દરે
ખાદી અપનાવીએ - પર્યાવરણની રક્ષા કરીએ